R.N.I.No. : 11555/1966

Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

JYOTI PUNJ

FEBRUARY - 2017

Vol No. 60 Issue No. 11

Total - 36 Pages

## રસીયા



તેરે લાલાને રંગ ડાર્યો યશોદા મૈયા, તેરે લાલાને (૨) તેરે લાલાને રંગ ડાર્યો યશોદા મૈયા ...

ચટક ચુંનરી સબકી બિગાડી, આંખનમેં પિચકારી મારી, મોંઢો ગુલાબી કર ડાલો યશોદા મૈયા ...

બહુત બરજોરી મૈયા મોસો કીનો, પકર શ્યામને ધરતી પે દીનો, લેંઘાકો તોડ દીયો નારો યશોદા મૈયા ...

મારી શરમકી મેં તો મર ગઈ, નેક દયા નહી લાયો નિર્દયી, પીયા લડેગો હમારો યશોદા મૈયા ...

મુસ્કાયે તબ બાંકે વિહારી, સોચ કરે મનમે બ્રજનારી, યો કાના હૈ બંસીવાલો યશોદા મૈયા ...

**SHREE BALASINOR NAVYUVAK SANGH**
**PRESENTS**

# BALASINOR PREMIER LEAGUE T 20 TROPHY 2016-2017

Shree Balasinor Navyuvak Sangh played BPL T20 finals will be held on Sunday 19th March 2017. On this auspicious occasion Two Youngsters who have made our community feel proud will be felicitated by our president Shri Kaplesh Dharia.

PURAV CHIRAG PARIKH for this achievement of becoming the first player from Balasinor to get selected in the MUMBAI UNDER 16 TEAM to play the VIJAY MERCHANT TROPHY a state level tournament.

KANISHQ DILIP PARIKH for becoming the first Player to score a Double Century in the JANSATHI TOURNAMENT.

**Sacretary - Bhavesh Modi**

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૦ | ૧૧ | ૨૧-૨-૨૦૧૭ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**



બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)
(જુનાગઢવાળા)
જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ
મનીષા નિ. શાહ
પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**Visit us at www.balasinor.org**


## તંત્રી સ્થાનેથી

## અલભ્ય ભેટ

**- બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

ભેટ, મને મળેલી એક સુંદર ભેટ. વિમલની જાહેરાતમાં આવતું કે પ્રેમ પ્રગટ કરવાની અનેક રીત છે, વિમલ એમાંનો એક પ્રકાર છે. મનુષ્ય અલગ અલગ રીતે અંદરના ભાવ, પ્રેમ સામેવાળા માટે વ્યકત કરે છે. અને એમાં પણ ભેટ સ્વરૂપે 'પુસ્તક' અપાય તો સોનામાં સુગંધ ભળવા જેવું જ થાય.

પુસ્તક એ મનુષ્યનું પરમમિત્ર છે. હીરો જેમ ઘસાઈ ઘસાઈને વધારે ઉજવળ થઈ મૂલ્યવાન બને છે તેમ પુસ્તક દ્વારા બુદ્ધિ વધારે સજાગ, સતેજ બને છે. એમ કહેવાય થે કે જેમ શરીરને ખોરાકની જરૂર પડે છે તેમ મન-બુદ્ધિને પણ ખોરાકની જરૂર પડે છે. જેવું પીરસાય તેવા ઓડકાર આવે તેમાં બેમત નથી. જ્ઞાનએ પ્રકાશનો પર્યાય છે. જ્ઞાનીજનો અને ગુણીજનો થકી જ સમાજ વધારે સમૃદ્ધ બને છે. તેનો ઉત્કર્ષ થાય છે એક પુસ્તક લખવા માટે લેખકે કે કવિએ પોતાની અનનન્ય શક્તિઓ કામે લગાડી હોય છે. યાદશક્તિ, સ્મરણશક્તિ, વિચારશક્તિ, કલ્પનાશક્તિ, ઈશ્વરકૃપા થી પ્રાપ્ત થતી દૈવી શક્તિ અલૌકિક શક્તિઓની સહાય થી તે સારું લખવા પ્રેરાય છે. કોઈપણ લખાણમાં જ્યારે સુવાક્ય, સુવિચારો, પંક્તિઓ, સુભાષિતો, મહાપુરુષો, ઋષિમુનિઓના સંદેશાઓ, અવતરણો દર્શાવ્યા હોય તે લખનારની વાંચન માટેની તડપને સમજી શકાય છે. તેના પુસ્તક પ્રેમને સમજી શકાય છે. લેખકના અનુભવો, નિચોડથી પ્રગટ થતું પુસ્તક સાચા અર્થમાં પથદર્શક બની રહે છે.

આવું જ મને મળેલું એક સુંદર પુસ્તક એટલે 'બોધ ની શોધમાં,' આ પુસ્તકના લેખક છે આચાર્ય વિજય રત્નસુંદરસૂરિ.

બોધની શોધ પુસ્તકની પ્રસ્તાવના માં લેખક જૈનમુની - આચાર્ય વિજય રત્નસુંદરસૂરિ એ આપણને ધર્મલાભ વિશે સમજ આપતાં લખ્યું છે કે ક્રિકેટ મેચમાં મહત્વની કોઈ ચીજ હોય તો તે 'પીચ' છે. કે જેના પર આખી મેચ રમાય છે. સિનેમાના થિયેટરમાં મહત્વનું કોઈ એક પરિબળ હોય તો એ 'પડદો' છે કે જેના પર આખું પિકચર બતાવાય છે. અધ્યાત્મ જગતમાં મહત્વનું કોઈ એક પરિબળ હોય તો 'સમ્યક સમજ' છે કે જેના સહારે આરાધનામાં પ્રવૃત્ત થવાનું અને દુષ્ટ-કૃત્યો થી મુક્ત થવાનું બને છે. જે પણ ભોગ આપવો પડે એ આપણે આપીએ પણ સમ્યક સમજના તો માલિક બનીને જ રહીએ. કર્મો સામેનો અડધો જંગ તો એટલા માત્ર થી જ જીતી જવાશે.

આ પુસ્તક મહારાજસાહેબના સુંદર વિચારત્નો થી સભર છે. અષાઢ સુદ ૧૧ થી શરૂ થયેલ પુસ્તક આસો વદ ૧૪ ના દિવસે પરિપૂર્ણ થાય છે. એટલે કે મને એવું સમજાય છે કે મહારાજસાહેબના 'વિહાર' સમય દરમ્યાન તેઓએ ચારમહિના દરરોજ પોતાના વિચારો લખાણ સ્વરૂપે પ્રગટ કર્યા છે. જે એકિત્રત કરી પુસ્તકરૂપે પ્રગટ થયા છે.

આ પુસ્તકમાં પ્રગટ થયેલી કેટલીક રત્નકણિકાઓ આ પ્રમાણે છે.

- જીવવું એટલે ચાહવું, અને ચાહવું એટલે આપવું.

આ સૂત્રને હૃદયના ખૂણે ખૂણે ગોઠવી દેજો.

- મીઠાઈમાં જે સ્થાન 'સાકર'નું છે, ફરસાણમાં જે સ્થાન 'મીઠા'નું છે, સંસારજગતમાં જે સ્થાન 'સંપત્તિ'નું છે, બસ, એજ સ્થાન અધ્યાત્મ જગતમાં 'સંવેદનશીલતા'નું છે.


સ્વ. જીવકોરબેન નટવરલાલ કડકીઆ (ચોકસી) ના જે જે શ્રી ગોકુલેશ

- ઉદારતાથી પ્રભુપ્રિય બની શકાય છે. સરળતાથી પ્રભુપાત્ર બની શકાય છે. સહૃદયતાથી પ્રભુપ્રેમી બની શકાય છે.
- છોડને પાણી પાનારો માળી હકીકતમાં તો જેમ પોતાને માટે ગુલાબની સુવાસનું રિઝર્વેશન જ કરાવતો હોય છે તેમ અન્યને શાતા અને સમાધિનું દાન કરનારો હકીકતમાં તો પોતાની જ શાતા અને સમાધિ રિઝર્વ કરાવી દેતો હોય છે.
- દોરડું ઘડાને પાણી સુધી લઈ આવે એ બને પણ ઘડામાં પાણી તો ત્યારે જ ભરાય કે જ્યારે દોરડું ઢીલું મૂકી દેવામાં આવે. બુદ્ધિ આત્માને ગુરુ સુધી કે પ્રભુ સુધી લઈ આવે એ બને પણ આત્મામાં પાત્રતા તો ત્યારે જ વિકસે કે જ્યારે એ બુદ્ધિને દેવગુરુના ચરણમાં મૂકે છે.
- પાપ કરીએ જ નહીં તો આપણે રામ છીએ. પાપ કર્યા પછી આપણા મનમાં જો વેદના ઊભી રહેતી હોય તો આપણે રાવણ છીએ. કરેલા પાપનો આપણે બચાવ જ કરતા હોઈએ અને કેટલા પાપો બદલ આપણે હર્ષ અનુભવતા હોઈએ તો આપણે દુર્યોધન છીએ.
- સાચે જ આપણે જો આપણી પાત્રતા વિકસિત કરવા માગીએ છીએ તો આપણે આપણા મનને ત્રણ દોષથી મુક્ત કરી દેવું જોઈએ.
  - અધિકારની કોઈ માગણી નહીં.
  - અધીરાઈ દાખવવાની વાત નહીં.
  - ફરિયાદ કરવાની કોઈ વૃત્તિ નહીં.
- આંખની આક્રમકતા કરતા ય કાનની ગ્રાહકતા આપણા જીવનને ઘડવામાં મહત્વનો ભાગ ભજવતી હોય છે. આ સત્યને આંખ સામે રાખીને કાનમાં ગમે તેવા કચરાને પ્રવેશ આપવાની ના પાડી દેજો.
- ધર્મક્રિયાને તમે જ્યારે સમય અને શરીર આપો જ છો ત્યારે મન અને હૃદય પણ આપતા થઈ જાઓ. કલ્પનાતીત પરિણામ અનુભવવા મળ્યા વિના નહીં રહે.
- આગ સમે ચડીને ક્યારેય લાકડાં આપતી નથી અને તમે આગમાંથી લાકડાં બહાર કાઢી લો તો આગ એનો વિરોધ કરતી નથી. સંસાર ધર્મ માટે સામે ચડીને તમને સમય આપવાનો નથી અને તમે ધર્મ માટે સમય ખેંચી લેશો તો સંસાર એનો વિરોધ કરવાનો નથી.
- ગઈકાલ એ ઈતિહાસ છે એ સમય પાછો આવવાનો નથી. આવતીકાલ એ રહસ્ય છે, એ સમય કેવો આવશે એની આપણને ખબર નથી. આજ એ બક્ષિસ છે એનો સદુપયોગ કરવો કે દુરુપયોગ કરવો એ આપણા હાથમાં છે.
- દુ:ખને રવાના કરીને સુખને આપવાનું કામ જો પુણ્ય કરે છે તો દોષને રવાના કરીને ગુણની ભેટ આપવાનું કામ ધર્મ કરે છે.
- મુર્ખ માણસ પૈસા બનાવી જાય એ ચમત્કાર છે પરંતુ પૈસો માણસને મૂર્ખ બનાવી જાય એ તો કરુણતા જ છે.

ભેટ આપવાના અને સ્વીકારવાના કારણ ભિન્ન ભિન્ન હોઈ શકે પરંતુ આ નમ્રપ્રયાસ દ્વારા મૈત્રી, પ્રેમ, ઋજુતા, વાત્સલ્ય વસંતના પુષ્પોની જેમ મહોરી ઉઠે છે. એકમેકના સંબંધોમાં માધુર્ય અને પ્રસન્નતામાં અનેકગણો વધારો કરે છે. આવા કાર્યોથી સમાજમાં અનેકને પ્રોત્સાહન અને પ્રેરણા મળે છે. ✤✤✤✤✤

# મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ, વેરાસા

# દાન માટે અપીલ

સને ૧૯૯૮ થી સતત કાર્યરત મહાત્મા ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટ, વેરાસાના ટ્રસ્ટીઓના પ્રયત્નોથી ગરીબ આદિવાસી વિસ્તારમાં શૈક્ષણિક વિકાસ થયો છે. વેરાસા પ્રાથમિક શાળામાં ૧ થી ૮ ધોરણમાં વિદ્યાર્થી ૨૩૦ વિદ્યાર્થીઓ ગરાસીયાના મુવાડા પ્રાથમિક શાળામાં ૩૬ વિદ્યાર્થીઓ ધોરણ ૧ થી ૫ સુધી અને ભોગીયાકીનારી પ્રાથમિક શાળામાં ૧ થી ૫ ધોરણમાં ૫૫ વિદ્યાર્થીઓ મળી કુલ ૩૨૧ વિદ્યાર્થીઓને ટ્રસ્ટ શૈક્ષણિક સહાય કરી રહ્યું છે. ટ્રસ્ટના પ્રયત્નોથી આ શાળાના કેટલાક વિદ્યાર્થીઓએ કોલેજ કક્ષાએ, આઈટીઆઈ અને ટેકનીકલ અભ્યાસ કરી શક્યા છે.

વેરાસા પ્રાથમિક શાળામાં તાજેતરમાંજ સુધાબેન, પી.કે.શાહ બાલક્રીડાગણમાં બાળકોને રમતગમતના સાધનોની વધુ સુવિધા પ્રાપ્ત થઈ છે.

ટ્રસ્ટને તાજેતરમાં જ ડૉ. પ્રકાશભાઈ એ. મોદી તરફથી રૂા. બે લાખ, નીના પી. દેસાઈ, પરેશ આરે દેસાઈ, તરફથી રૂા. ૧ લાખનું દાન મળેલ છે.

નગરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ તરફથી વર્ષ દરમ્યાન વિના મૂલ્યે બે મેડિકલ ચેક અપ કેમ્પ કરવામાં આવતા કેટલાક વિદ્યાર્થીઓમાં પોષણક્ષમ આહારના અભાવે શારિરીક નબળાઈનું તારણ નિકળતા ટ્રસ્ટ તરફથી બાળકોને ફ્રુટ, કઠોળ, દુધ મળી રહે તે માટે બાળ પોષણ આહાર યોજના શરૂ કરવામાં આવેલ જેમાં એક યુનિટ દીઠ **રૂા. ૧૦,૦૦૦/-** મુજબ ૧૫ યુનિટ મળેલ છે.

શાળામાં ઈકોગાર્ડન, વેજીટેબલ ગાર્ડન, નો પ્લાસ્ટીક ઝોનને પ્રોત્સાહન આપવામાં આવે છે.

શાળામાં વિદ્યાર્થીઓને બચત અને બેન્કીંગની જાણકારી માટે અમૃતધારા બેન્ક દ્વારા વિદ્યાર્થીઓને બચતની ટેવ પાડવામાં આવી છે.

ટ્રસ્ટ તરફથી વેરાસા, ગરાશીયાનામુવાડા પ્રાથમિક શાળાને તેમજ ભોગ્યાકીનારી પ્રાથમિક શાળાના કુલ ૩૨૧ વિદ્યાર્થીઓને વર્ષ દરમ્યાન બે જોડી યુનીફોર્મ, નોટબુક, ચોપડા, સ્લેટ, દેશીહીસાબ જેવી શૈક્ષણિક સવલતો આપવામાં આવે છે. જેનો વિદ્યાર્થી દીઠ **રૂા. ૨૫૦૦/-** ખર્ચ થાય છે.

ધોરણ આઠ પછીના આગળના અભ્યાસરૂમ માટે કોલેજ, આઈટીઆઈ, ટેકનીકલ શિક્ષણ માટે ફી સહાય તેમજ જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને ટયુશન ફીની સહાય પણ આપવામાં આવે છે.

દાતાઓને વિનંતી કે, શાળાના વિદ્યાર્થીઓને યુનીફોર્મ, નોટબુક, ચોપડા વિગેરે માટે વિદ્યાર્થી દીઠ રૂા. ૨૫૦૦/- મુજબના ગુણાંકમાં દાનની રકમ ટ્રસ્ટ સ્વિકારે છે.

તેમજ ધોરણ ૮ થી ૧૨ અને તે આગળ કોલેજ, ટેકનીકલ શિક્ષણ માટે વિદ્યાર્થી દીઠ રૂા. ૫,૦૦૦/- ના ગુણાંકમાં દાન આવકાર્ય છે.

બાળ પોષણ આહાર યોજનામાં એક યુનીટના રૂા.૧૦,૦૦૦/- મુજબ દાન આવકાર્ય છે.

આ ઉપરાંત ત્રણેય શાળાના બાળકોને તિથી ભોજન માટે રૂા. ૭,૦૦૦/- જ્યારે બે શાળા માટે રૂા. ૬,૦૦૦/- અને વેરાસા શાળા માટે રૂા. ૪,૦૦૦/- પણ આવકાર્ય છે.

આ ઉપરાંત શાળા માટે વિવિધ સાધન દાન, શૈક્ષણિક પ્રવાસ માટે દાન પણ સ્વિકારવામાં આવે છે.

ટ્રસ્ટને સેક્સન ૮૦જી હેઠળનું સર્ટીફીકેટ મળેલ છે. જેમાં દાતાને ૫૦ ટકા ઈન્કમટેક્ષ રાહત મળવા પાત્ર છે.

દાતાશ્રીઓને વિનંતી કે, દાન આપવા માટે નીચેના ટ્રસ્ટીઓનો સંપર્ક કરવા વિનંતી છે.

**પ્રમુખ : શ્રીમતી તરૂલતાબેન પ્રફુલભાઈ શેઠ - ૯૮૨૧૦૩૭૩૦૦**
**ટ્રસ્ટીઓ : શ્રીમતી અનુબેન જ્યોતીવદન શેઠ - ૯૮૨૧૨૩૪૩૧૩,**
**શ્રી રાજેન્દ્રભાઈ કીર્તનલાલ દેસાઈ - ૯૮૨૦૦૮૦૧૯૪**

શ્રી ગોકુલેશો જયતિ **૨૨મું વર્ષ**

# કાંદિવલીમાં વસતા સૌ બાલાસિનોરવાસીઓ

# ફગવા ઉત્સવ

સર્વદા સેવ્ય ચતુર્થપીઠ શ્રી ગોકુલનાથજીની અસીમ કૃપાથી કાંદીવલીમાં વસતા બાલાસિનોર વાસીઓ તરફથી **શ્રી ફગવા ઉત્સવ**નું આયોજન કરવામાં આવેલ છે. આ ફગવા ઉત્સવ સં. ૨૦૭૩ના મહા વદ અમાસ ને **રવિવાર, તા. ૨૬-૦૨-૨૦૧૭** ના રોજ **અડુકીઆ સ્કુલ ગ્રાઉન્ડ**, રામગલી, શાંતિલાલ મોદી રોડ, આઈસીઆઈસીઆઈ બેંકની સામે, કાંદીવલી (વે), મુંબઈ-૬૭. ના મુકામે યોજવામાં આવેલ છે. **આ પ્રસંગે પ.પૂ.ગો.સ્વામી શ્રી વલ્લભબાવાશ્રી સહપરીવાર પધારવાના છે** અને એમના સાન્નિધ્યમાં ફગવા મહોત્સવ ઉજવવામાં આવશે. શ્રી ઠાકોરજીના ખેલના દર્શન પછી **બાલાસિનોરના સર્વે વૈષ્ણવોને ઉપરોક્ત મુકામે સહકુટુંબ, દર્શનનો લાભ લેવા અને પ્રસાદ (પ્રસાદની વ્યવસ્થા ખેલના દર્શન પછી) લેવા પધારવા અમારૂં ભાવભર્યું આમંત્રણ છે.**

## ❁ ઉત્સવના મનોરથી ❁



**સુધાબેન કંચનલાલ કડકીઆ (લટકારી)**

**હસ્તે મનીષા નિલેશ કડકીઆ (લટકારી)**



## ❁ શોભાયાત્રા ❁

મનોરથીના નિવાસસ્થાન એ-૨૦૧, કૈલાશ ટાવર, એમ.જી.રોડ, વોરા કોલોની પાસે, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૬૭. ફોન : ૨૮૦૭ ૪૫૪૩, મો : ૯૮૨૦૧ ૨૦૫૧૦, બપોરે ૧.૩૦ કલાકે સમાજ બેસશે. તેમજ શોભાયાત્રા તેમના નિવાસ સ્થાનેથી બપોરના ૩.૦૦ કલાકે નીકળશે.

**લી. નિલેશ કંચનલાલ કડકીઆ, મનીષા નિલેશભાઈ, પાર્થ - રવિના, ભાવી ના જે જે શ્રીગોકુલેશ**

## ❁ ખેલના દર્શન ❁

**સાંજે ૬.૦૦ કલાકે અડુકીઆ સ્કુલના ગ્રાઉન્ડ ખાતે શ્રી ઠાકોરજીના ખેલનાં દર્શન થશે. તેમજ શ્રી ઠાકોરજીના ધોળ-કીર્તન તેમજ રસીયા ગવાશે તો દરેક વૈષ્ણવોને ઉપરનાં દરેક પ્રસંગે ઉપસ્થીત રહીને અલભ્ય આનંદ (લાભ) લેવા વિનંતી છે.**

**લી. કાંદીવલીમાં વસતા બાલાસિનોરવાસીઓના જૈ જૈ શ્રીગોકુલેશ**

---

નોંધ : **શનિવાર**, તા. ૨૫-૨-૨૦૧૭ના રોજ **પ.પૂ. ગો.સ્વામી શ્રી વલ્લભબાવાશ્રીના જન્મદિવસના પ્રસંગ ઉજવવાનો અવસર અમને મળ્યો છે તો સર્વે વૈષ્ણવને અમારા નિવાસસ્થાને સાંજે ૬.૦૦ કલાકે જન્મદિવસનો પ્રસંગ ઉજવવામાં અને પ્રસાદ લેવા ભાવભીનુ આમંત્રણ છે.**

**શ્રી વાડાસિનોર ગોકુલનાથજી મંદિર**

**બાલાસિનોર**

**શ્રી વાડાસિનોર દશાનીમા તથા મુંબઈમાં રહેતા સર્વે દશાનીમા વૈષ્ણવો જોગ**

# શ્રી ફગવા ઉત્સવ

સહુ ઉત્સવનો ઉત્સવ એટલે ફગવા ઉત્સવ. આ વર્ષે આ ફગવા ઉત્સવનું આયોજન તા. ૬-૩-૨૦૧૭ સોમવારના શુભ દિને ઉજવવામાં આવશે.

**: ઉત્સવના મનોરથી:**

**નટવરલાલ છોટાલાલ દેસાઈ પરિવાર**

**હસ્તે : શ્રી નીતિન નટવરલાલ દેસાઈ (નાગર)**

**: ઉત્સવનો કાર્યક્રમ :**

તા. ૫-૩-૨૦૧૭ના રવિવારે સાંજે ૪.૦૦ કલાકે ધરીયાવાડ ખાતે સમાજ બેસશે.

તા. ૫-૩-૨૦૧૭ના રોજ સવારે ૧૨.૦૦ કલાકે

દશાનીમા વણિક વાડીમાં દશાનીમાં વૈષ્ણવો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે.

**: કળશનો વરઘોડો :**

તા. ૬-૩-૨૦૧૭ના સોમવારે સવારે શ્રી નીતીનભાઈ દેસાઈના ઘરેથી (ઘરીયાવાડ) ખાતે સવારે ૯.૦૦ કલાકે શોભાયાત્રા ગોકુલનાથજી મંદિર થઈને ધામધુમથી ફગવે પધારશે.

ફગવાનો મનોરથ પ્રસાદ લેવાની વ્યવસ્થા ફગવા બગીચે કરવામાં આવી છે. સર્વે બાલાસિનોર દશાનીમા વૈષ્ણવો, આમંત્રીતો, ભાઈઓ-બહેનો, સહકુટુંબ, સહ પરિવાર પધારશો.

**: આમંત્રિત :**

**શ્રી નટવરલાલ છોટાલાલ દેસાઈ પરિવારના જે જે શ્રી ગોકુલેશ**



શ્રી સુકેતુ આર. મોદી (સી. લાઇટ) ના જે જે શ્રી ગોકુલેશ

# દ્વિતિય પુણ્યતિથી
# અશ્રુભીની નયને ભાવાંજલિ

**નિત્ય અમારા મનમાં... નિરંતર અમારા હૃદયમાં ..**
**'આજે અમારા સૌના હૈયે અને હોઠે એક જ પ્રાર્થના**
**જીવો અમારા હૃદયમાં, જીવો અમારા ચેતનમાં, તમે જીવો સદૈવ - સર્વદા'**



**અવનિમાં અવતરણઃ**
**જન્મઃ ૨૪-૬-૧૯૪૩**
**જેઠ વદની સાતમ,**
**બાલાસિનોર,**
**પાયગાવાડી શેરી,**
**સમયઃ ૫.૨૮ સવારે**

**વૈકુંઠ ગમનઃ અનંતની સફરે**
**તા.: ૨૮-૨-૨૦૧૫**
**ફાગણ સુદ દસમ**
**બાલાસિનોર**
**કડીયાની ઢાળ**

**સ્વ. શકુંતલા કિરીટકુમાર કડકિઆ (લટકારી)**

ઘરની દરેક વસ્તુમાં તારી સુગંધ છે, દિલની દરેક ધડકનમાં તારી યાદ છે.
મારાથી માનવામાં નતી આવતું કે, તું મારી સાથે હવે નથી...

- કિરીટકુમાર કડકીઆ

## હીરાલાલ છગનલાલ કડકીઆ (લટકારી) પરિવાર
## રમણલાલ સાકરલાલ શાહ (કકુંજી) પરિવાર

માં તું અમારાથી દૂર ખરી પણ અમારી વચ્ચે જ છે
હજી આજે પણ આ ક્ષણે પણ
મારા હૃદયમાં તારું ગાયેલું એક હાલરડું જાગે છે.
હજુ પણ મારા માથે તારા આશીર્વાદનું
આજે પણ ઘટ્ટ આકાશ એમને એમ છે.

**અભિષેક કિરીટકુમાર કડકીઆ** — **જીજ્ઞા કલપેશકુમાર પરીખ**
**હેતલ અભિષેક કડકીઆ** — **સપના નીરજકુમાર શાહ**

**રિધ્ધિ, રિધમ, હિતાંશ**

## માનવીના જીવનની મહત્વની કડી

માનવીનું જીવન વિદ્યાર્થી જીવન એ એક મહત્વનો સમય છે કે તેથી તે પોતાનું ભાવિનું ઘડતર કરવામાં મહત્વનો ભાવ ભજવે છે. વિદ્યાર્થી જીવન એ માનવીના જીવનની ચાવી છે અને તેના ઉપર જ એની યશગાથા રચાયેલી છે. જીવનની સફળતા પોતાના કર્તવ્યો સાથે આત્મબળ પર પણ નિર્ભર હોય છે. માનવીના જીવનકાળ દરમ્યાન અનેક પ્રસંગો પોતાના ભાવિ ઘડતર માટે આવે છે. તેમા જો સફળતા મેળવે તો પોતે પોતાની મહત્વકાંક્ષાઓ પૂરી કરી શકે છે. આવી મહત્વકાંક્ષાઓને સફળ બનાવવા પોતે મજબૂત મનોબળ અને દૃઢ વિચાર સાથે કર્તવ્યનિષ્ઠ બને તો નિર્ધારીત કાર્યને જરૂર સફળતાથી પાર પાડી શકે છે. પોતાની જીંદગીનો કિંમતી સમય તે બાલ્યકાળ અને વિદ્યાર્થીકાળ છે. આ જ અવસ્થામાં માતાપિતાના સંસ્કારોની અસર તેના બાળ-માનસ ઉપર થાય છે અને વિદ્યાર્થી જીવનમા પોતે સ્વતંત્ર જીવન જીવવા માટે જ્ઞાન પ્રાપ્ત કરે છે અને તે જ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ પોતાના ભાવિનું ચણતર કરે છે. જીવનમાં ગમે તેટલો કઠિન સમય આવે અને પોતાના કાર્યોમાં સફળતા પ્રાપ્ત ન થાય તો તે માટે હતાશ ન થતા પોતે વધુ ને વધુ અથાગ પ્રયાસો પોતાના આત્મબળથી કરવો જોઈએ તો તે પોતાની મહત્વકાંક્ષાઓ પરિપૂર્ણ કરી શકશે.

ડૉ. હેલન કેલર જેઓ નાની વયમાં અપંગ અને અંધ બની ગયા હતા તેઓએ પોતે આત્મબળથી એવો દરજ્જો પ્રાપ્ત કર્યો કે વર્ષો સુધી વિશ્વની અગ્રગણ્ય પ્રતિભા બની ઝળકી રહ્યા. એમની જીવન કથા યુગો સુધી સુવાસ ફેલાવશે.

માનવી આત્મબળથી અને ઉચ્ચ ભાવનાઓથી પોતાનું અનેરૂ સ્થાન દુનિયામાં મેળવવા શક્તિમાન બને છે. પરંતુ તેની પાછળ પોતાની ઉચ્ચ ભાવના-મનોબળ અને અદમ્ય શક્તિની જરૂર છે અને પોતાના જીવનમાંથી નિષ્ફળતા જેવો શબ્દ ભૂલી જવો જોઈએ તો તે જરૂર મહાન બની શકે છે. માટે વિદ્યાર્થીઓએ પોતાના અભ્યાસક્રમ દરમ્યાન નિષ્ફળતા પ્રાપ્ત કરે તો પણ જીવનમાં હતાશ ન થતા વધુ કાર્યક્ષમ બનીને પોતાની મહત્વકાંક્ષાનું શિખર સર કરવા પ્રયત્નશીલ રહેવું અને જે માટે આત્મબળ એ મહત્વની કડી છે.

✤✤✤✤✤

## શ્રી બાલાસિનોર દસાનીમા વિદ્યોતેજક મંડળ

| No. | Scheme | Amount |
|---|---|---|
| 1.. | Education Scheme for Cost and Work Accountants (ICWA) Course | 5,00,000/- |
| 2. | Education Scheme for Company Secretary (CS) Courses | 5,00,000/- |
| 3. | Education Scheme for Cost & Financial Analyst (CFA) Course | 5,00,000/- |
| 4. | Primary Education Scheme (K.G. & Std. I to IV) | 7,50,000/- |
| 5. | Master Degree Course (Other than Medical) | 11,00,000/- |
| 6. | Education Scheme for Diploma Courses | 11,00,000/- |
| 7. | Education Scheme for Coaching Classes (Std. I-IX) | 11,00,000/- |
| 8. | Education Scheme for Coaching Classess (Std. X-XII) | 11,00,000/- |
| 9. | Education Scheme for Coaching Classes (Professional Courses) | 11,00,000/- |

– માનદ્‌મંત્રીઓ : મંજુલ શૈલેષ ધારીઆ, જસ્મીન બીપીન શેઠ

# વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ઓપ.ક્રે.સો.લીમીટેડ

શેરહોલ્ડર

ભાઈઓ/બહેનો

લોન લેનાર સભ્યોની ગેરેન્ટરો શોધવાની તકલીફને ધ્યાનમાં રાખતા હવે પછી ગેરેન્ટરની લીમીટ રૂપિયા ૫૦,૦૦૦/- થી વધારી રૂપિયા ૧,૦૦,૦૦૦/- (જો ગેરેન્ટરની મંજૂરી હોય તો) તેનો નિર્ણય કારોબારી લેશે.

લોનના વ્યાજના દરો તાતકાલિક અમલમાં આવે એ મુજબ નીચે પ્રમાણે ફેરફાર / ઘટાડો કરવામાં આવેલ છે.

ધંધાકીય - ૧૨ ટકા ની સામે હવે ૧૧ ટકા

રહેઠાણની જગ્યા - ૯.૫૦ ટકા યથાવત્

ગાડી / સ્કુટર - ૧૦ ટકા ની સામે હવે ૯.૫૦ ટકા

ઈતર - ૧૦ ટકા યથાવત્

**રીકરીંગ ડીપોઝીટમાં વ્યાજના દરો**

૧ વર્ષ થી ૨ વર્ષ ની અંદર - ૫.૫૦ ટકા

૨ વર્ષ થી ૩ વર્ષ ની ઉપર - ૬.૨૫ ટકા

**ફીક્સ ડીપોઝીટમાં વ્યાજના દરો**

૧ વર્ષ સુધી જ - ૬.૨૫ ટકા

સિનિયર સીટીઝન - ૬.૭૫ ટકા

જે કોઈ સભ્યોએ KYC ફોર્મ જમા ન કરાવ્યા હોય તેઓને વિનંતી કે વહેલામાં વહેલી તકે જમા કરાવવું અને જૂના સર્ટીફીકેટો બદલી નવું સર્ટીફીકેટ અને પોતાના ડીવીડન્ડ મેળવી લેવા વિનંતી છે.

લી. વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ઓ.ક્રે.સો.લી.
કારોબારી વતી

# બાલાસિનોર વિદ્યામંડળ

## જાહેર નિમંત્રણ

# સંગીતા કિરણ દોશી
# વ્યાખ્યાનમાળા મણકો ૩૪

**વક્તાઃ**

**માનનીય શ્રી જય વસાવડા (સાહિત્યકાર, કટાર લેખક)**

**વિષયઃ**

## શ્રી કૃષ્ણ મારો ભાયબંધ

**તારીખઃ**

**રવિવાર, ૫ માર્ચ ૨૦૧૭**

**સમયઃ**

**૫.૩૦ થી ૭.૩૦**

**સ્થળઃ**

**લાયન્સ કલબ હોલ, તળાવ દરવાજા, બાલાસિનોર**

**સૌને હાજર રહેવા અમારું ભાવભર્યું નિમંત્રણ છે.**

**લી. જશવંતલાલ કોદરલાલ પરીખ - પ્રમુખ**
**બાલાસિનોર વિદ્યામંડળ**

# બાલાસિનોરની કે.એમ.જી જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ)માં નીચે મુજબ કેમ્પ યોજવામાં આવેલ

(૧) શ્રી નગીનદાસ લાલચંદ પારેખ હાર્ટ કેમ્પઃ- તા. ૧૯-૦૧-૧૭ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં ડૉ. પી.કે. ત્રિપાઠી તથા ડૉ. વિરલ બી. પટેલે સેવાઓ આપેલ. કુલ ૧૦૦ દર્દીઓએ લાભ લીધેલ છે.

(૨) છારી કાઢવાનો કેમ્પઃ તા. ૨૦-૦૧-૧૭ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં ૧૮ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

(૩) ઈકો કેમ્પઃ- તા. ૮-૦૧-૧૭ના રોજ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૩૮ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ.

વર્ષ ૨૦૧૬-૧૭નો દાતાશ્રીઓના સન્માનનો વાર્ષિક સમારંભ તા. ૦૫-૦૩-૨૦૧૭ને રવિવારના રોજ હોસ્પિટલના પટાંગણમાં 'કુણીવાલા કેમ્પસ' ખાતે યોજવામાં આવનાર છે. તો સર્વે બાલાસિનોરવાસીઓને હાજર રહેવા ભાવભીનું આમંત્રણ છે.

**કે.એમ.જી.જનરલ હોસ્પિટલ ટ્રસ્ટઃ- સુપર સ્પેશ્યાલીટી સેન્ટર માટે વધુ નોંધાયેલ દાનઃ-**

૧. **શ્રીમતી તૃપ્તી નીતીન ગાંધી** :- **રૂા.૧,૦૦,૦૦૦/-**
**(તેઓના પુત્રના લગ્ન પ્રસંગે)**

૨. **શ્રી રાજેશ શાંતિલાલ કડકીઆ (સી.એ.)** :- **રૂા. ૫૦,૦૦૦/-**

**સુપર સ્પેશ્યાલીટી સેન્ટર :** શ્રી કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટરના છેલ્લા સ્લેબનું કામ પૂર્ણ થવાના આરે છે. સાથે સાથે અંદરનું લાદી ફીટીંગનું કામ પણ ચાલુ છે. આ બાંધકામની પ્રગતિ સંતોષકારક રીતે થઈ રહી છે. દાતાશ્રીઓને અગાઉની જાહેરાત મુજબની સ્કીમો માટે દાન આપવા વિનંતી.

**- શ્રી રાજેન્દ્ર દેસાઈ, શ્રી નિતીન પરીખ**
**માનદ્‌મંત્રીશ્રીઓ**

## શ્રી બા.ન. સંઘ સંચાલિત
## શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

૧-૪-૨૦૧૭ એપ્રિલથી મારી (અલ્પા સચીન કડકીઆ)ની મહિલા વિભાગના સંયોજક તરીકે નિમણૂક કરવામાં આવી છે. મહિલા વિભાગના વર્ષ ૨૦૧૭-૧૮ના વાર્ષિક લવાજમ ભરવાની તારીખ : ૭ એપ્રિલ શુક્રવારના રોજ રાખવામાં આવી છે. લવાજમની રકમ ૨૦૦ રૂા. સંસ્થાની ઓફિસે બપોરે ૩ થી ૪ ની વચ્ચે લેવામાં આવશે. લવાજમ ભરતી વખતે મેમ્બરશીપ કાર્ડ લાવવાનું જરૂરી છે. લવાજમની રકમ તથા કાર્ડ કોઈપણ કમિટિ બહેનોને પણ નિર્ધારિત તારીખ પહેલા આપી શકાશે.

વર્ષ ૨૦૧૭-૨૦૧૮નો પ્રથમ કાર્યક્રમ સૌની મનપસંદ ગેમ 'હાઉસી'નો રાખવામાં આવ્યો છે. તેના પાસ પણ તારીખ ૭-૪-૧૭ના રોજ આપવામાં આવશે. પ્રોગ્રામની બધી વિગત આવતા અંકે આપવામાં આવશે તેની નોંધ લેવી.

**- સંયોજક : અલ્પા કડકીઆ - ૯૮૧૯૬૨૯૦૬૨**

# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ
# તથા બાલાસિનોર વિદ્યોતેજક ચેરિટેબલ ટ્રસ્ટ
## અનુકરણીય દાન - વચન

**સખાવતી દાતાશ્રીઓ તરફથી પ્રાપ્ત થયેલ દાનની નામાવલીઃ**

| ક્રમાં | દાતાશ્રીઓના નામ | રકમ |
|---|---|---|
| ૧ | શ્રી કનૈયાલાલ ભીખાલાલ કડકિઆ (હાલોલવાલા) હસ્તે શ્રી સુકેતુ નવિનચંદ્ર પરિખ | ૫,૦૦,૦૦૦/- |
| ૨ | શ્રીમતી રક્ષાબેન સતિષચંદ્ર મોદિ (M.C.Mody) | ૨,૦૦,૦૦૦/- |
| ૩ | શ્રીમતી તરૂલતાબેન અને શ્રી પ્રફુલભાઈ ઓચ્છવલાલ શેઠ | ૧,૧૧,૧૧૧/- |
| ૪ | શ્રી રજનીકાંત કાંતીલાલ કડકિઆ (લટકારી) | ૫૧,૦૦૦/- |
| ૫ | સ્વ. તારાબેન અને શાંતિલાલ છોટાલાલ કડકિઆ | ૫૦,૦૦૦/- |
| ૬ | એક સજ્જન | ૫૦,૦૦૦/- |
| ૭ | શ્રી તુષાર જયંતીલાલ કડકિઆ | ૨૫,૦૦૦/- |
| ૮ | શ્રીમતી મીરાબેન દિપક દોશી | ૧૦,૦૦૦/- |
| ૯ | એક સજ્જન | ૫,૦૦૦/- |

સંસ્થાની કારોબારી સમિતિના સૌ સભ્યો દાતા પરિવારોનો આભાર વ્યક્ત કરે છે અને તેમના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે. **કારોબારી સમિતિ વતીઃ મંજુલ શૈ. ધારિયા , જસ્મિન બી. શેઠ. માનદ્ મંત્રીઓ**


શ્રીમતી નયનાબેન પંજકકુમાર મોદી ના જે જે શ્રી ગોકુલેશ

# બાલાસિનોર મેડીકલ સેન્ટર
# શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ

## પી.ઓ.એસ.મશીન

**સર્વે વાડાસિનોરના વતનીઓ,**

બાલાસિનોર મેડીકલ સેન્ટર, ચોપાટી, મુંબઈ-૭ ખાતે પી.ઓ.એસ. મશીન બેસાડવામાં આવેલ છે.

ડીમોનેટાઈઝેશનના કારણે રોકડ રકમની અછત હોવાથી હવે આપના ડેબીટ અથવા ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરી પેમેન્ટ કરી શકો છો. આ સુવિધા વાપરનાર વ્યક્તિઓ એ ૨ ટકા બેન્ક ચાર્જ વધારાનો ભરવાનો રહેશે તેની ખાસ નોંધ લેશો.

આપ સૌ બાલાસિનોરવાસીઓને વિનંતી કે આ સુવિધાનો અવશ્ય લાભ લેજો અને પ્રધાનમંત્રીશ્રી દ્વારા જાહેર થયા મુજબ કેશલેશ ટ્રાન્ઝેક્શન ને સફળ બનાવવામાં સહભાગી થવા અમારું નમ્ર નિવેદન.

## "SLIT LAMP"

**સર્વે વાડાસિનોરના વતનીઓ,**

સહર્ષ જણાવતાં આનંદ થાય છે કે, આંખોના રોગોના નિદાન હેતુ, બાલાસિનોર મેડીકલ સેન્ટર દ્વારા **"SLIT LAMP"** નામક નવું ઈમ્પોર્ટેડ મશીન વસાવવામાં આવેલું છે. આ મશીનની મદદથી તબીબો દ્વારા આંખોના રોગો જેવા કે, મોતિયો, કોર્નિયા, આંખમાં કણી ગઈ હોય, એલર્જી, સૂકી આંખો, કીકીના વગેરે વગેરે રોગોનાં નિદાનો ઘણા સરળ અને સચોટ રીતે થાય છે.

હાલમાં આપણા સેન્ટરમાં ડૉ. રાજીવ પરીખ તથા ડૉ. આલોક ગાંધી ફક્ત રજીસ્ટ્રેશન ચાર્જ રૂા. ૫૦ સાથે સેવા બજાવી રહ્યા છે.

આપ સૌ વાડાસિનોર વાસીઓને અમારું નમ્ર નિવેદન કે, સંજોગો વસાત જો આપ આ રોગો ના ભોગ બન્યા હો અથવા આપણી જાણમાં જો કોઈ આવા દર્દી હોય તો આપ આપણા સેન્ટર દ્વારા જણાવેલ સુવિધાઓનો લાભ અવશ્ય ઉઠાવજો. અને સેન્ટરની પ્રગતિમાં આપણો અમૂલ્ય ફાળો અવશ્ય નોંધાવજો. આપણાં સેન્ટરની પ્રગતિએ આપણી પ્રગતિ હશે.

**શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ**
**મેડીકલ ટ્રસ્ટ વતી, કારોબારી સમીતિ**

❖❖❖❖❖

# મારે સંગીતને જાણવું છે

- મનીષા શાહ

ગયા અંક સુધી આપણે રાગ કલ્યાણ વિષે જાણ્યું. હવે વર્ષ ૨૦૧૭ની શરૂઆત ચાલુ કરીએ રાગ ખમાજથી.

**રાગ-ખમાજ**

આરોહન મેં રે વર્જિત કર, ગાવત રાગ ખમાજ,

દ્વિતીય પ્રહર નિત ગાયે, રખિયે ગ-નિ સંવાદ.

થાટ - ખમાજ　　　　　વાદી-ગાન્ધાર (ગ)

સમય - રાત્રિનો પ્રથમ પ્રહર　　સંવાદી - નિપાદ (નિ)

**આરોહમાં**- રેં (નથી) સા ગ મ પ ધ નિ સાં-

**અવરોહ** - સાં નિ ધ પ મ ગ રે સા.

**પકડ** - સા ગ મ પ, ગ મ નિ ધ, મ પ ધ, મ ગ સા.

રાગ ખમાજ એક ચંચલ પ્રકૃતિનો રાગ છે. તે ભલે શાસ્ત્રીય સંગીતનો રાગ છે. પણ, જ્યારે તેને ગાવામાં આવે છે ત્યારે બહુ રોમાન્ટીક, ભાવ સંગીત થઈ જાય છે. તેમાં ઠુમ્મરી, ટપ્પા, પંજાબી, લખનૌના ગીતો ગવાય છે. ઘણા ફિલ્મી ગીતો આ રાગ પરથી ગવાયા છે.

ગ નો ઉપયોગ વધારે થાય છે નિ પણ આરોહમાં શુદ્ધ છે અને પાછા આવતા આવરોહમાં જ્યારે કોમલ નિ લેવાય છે. ત્યારે બહુ કર્ણપ્રિય થઈ જાય છે.

મોટા ગાયક કૌશિકી ચક્રવર્તી, ઉસ્તાદ રશીદખાન રવિ શંકર જેવા સંગીતકારના રાગ ખમાજ સાંભળવાની મજા કંઈક અલગ છે.

**આ રાગમાં ગવાયેલા ફિલ્મી ગીતો ...**

આયો કહાં સે ઘનશ્યામ - બુઢ્ઢા મિલ ગયા

બડા નટખટ હૈ યે કૃષ્ણ કન્હૈયા - અમર પ્રેમ

વૈષ્ણવ જન તો તેને રે કહીએ - નરસિંહ મહેતા

કુછ તો લોગ કહે ગે - અમર પ્રેમ

ઓ સજના બરખા બહાર આઈ - પરખ

નજર લાગી રાજા તોરે બંગલે પર - કાલા પાની

**આલાપ (૮ માત્રામાં) તીનતાલ**

(૧) +સા - ગ સા ।ગ મ પ - ।

(૨) +મિ ધ મ પ ।પ મ ગ - ।

(૧૬ માત્રામાં)

(૧) +ગ મ પ - ।નિ ધ પ - ।મ પ ધ - ।મ - ગ - ।

(૨) +ગ મ પ ધ ।નિ - સાં - ।નિ ઝ પ - ।ગ મ ગ - ।

**તાન**

(૧) +ગમ, પધ, નિધ, પમ ।મપ, ધપ, મગ, રેસા ।

(૨) +સાગ, મપ, મગ, રેસા ।ગમ, પધ, નિનિ, સાં - ।

(૧૬ માત્રામાં)

(૧) +પમ, ગરે, સા -, ગમ ।પધ,. નિધ,. પમ, ધનિ ।
સાં -, ગંગં, રેસાં, મિધ ।પધ, પમ, ગરે, સા- ।

(૨) +પપ, મપ, ધપ, મગ ।સાગ, મપ, મગ, રેસા ।
મિમિ, ધમિ, ધપ, મગ ।સાગ, મપ, મગ, રેસા ।

# બાલાસિનોર ગ્રાહક સહકારી મંડળી લી.

૫, ગણેશ કૃપા, સીક્કાનગર, વી.પી.રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪

તા. ૩-૨-૨૦૧૭

**શેર હોલ્ડર ભાઈઓ / બહેનો,**

**શેર માટેની અગત્યની સૂચના**

૧) કે.વાય.સી. ફોર્મ, નોમીનેશન ફોર્મ, શેર ટ્રાન્સફર ફોર્મ, લઈ જવા માટે શેરની ઝેરોક્સ કોપી બતાવવી, ગ્રાહક મંડળની ઓફીસોમાંથી લઈ જવા વિનંતી.

૨) જે કોઈ સભ્યોએ કે.વાય.સી. ફોર્મ ન જમા કરાવ્યું હોય તેઓને વિનંતી કે વહેલામાં વહેલી તકે ફોર્મ જમા કરાવવું.

૩) ઘરમાં મૃત્યુ પામેલા શેર હોલ્ડર સભ્યોના શેરો તેમના નોમીનીને વહેલી તકે શેર ટ્રાન્સફર કરાવવા અથવા તે સોસાયટીમાં પાછા આપીને તેમની વિગતો પૂર્ણ કરવાની રહેશે.

૪) જે શેર હોલ્ડર કે.વાય.સી. કરાવ્યું હશે તેજ શેર હોલ્ડર સભ્યને અનાજની ખરીદી પર ત્રણ ટકા ડીસ્કાઉન્ટ રોકડ પેમેન્ટ સામે તા. ૧–૪–૨૦૧૭ થી તા. ૩૦–૬–૨૦૧૭ સુધી આપવામાં આવશે.

સેક્રેટરી

(જગદીશભાઈ પરીખ)

# પૃષ્ટી માર્ગનું ધોળ

- ગીતા રાજેન્દ્ર લટકારી

હો હો રે, હો હો રે, આતો પૃષ્ટીનો માગર છે,
પૃષ્ટીનો મારગ છે ને કૃપાનો મારગ છે. હો હો રે...
ભક્તિનો મારગ છે, હો હો રે..
પૃષ્ટીનો મારગ તો વૈષ્ણવો પ્રાણ છે.
પૃષ્ટીનો મારગ તો શ્રી મહાપ્રભુજીએ સ્થાપ્યો હો. હો..
પૃષ્ટી માર્ગમાં શ્રી ગુંસાઈજી પધાર્યા,
ગુંસાઈજી પધારિયાને પૃષ્ટિમાર્ગને વિસ્તાર્યો હો હો રે.
પૃષ્ટી માર્ગનું જ્ઞાન શ્રી ગોકુલનાથજી એ આપ્યું.
એ તો માલા તિલકના રક્ષણ હાર છે, હો હો રે.
પૃષ્ટી માર્ગમાં તો ચોર્યાસી વૈષ્ણવો થઈ ગયા.
પૃષ્ટી માર્ગમાં તો ૨૫૨ વૈષ્ણવો થઈ ગયા હો હો રે.
પૃષ્ટી માર્ગમાં પુષ્ટિ માર્ગના પાંચતત્વનું જ્ઞાન છે.
પાંચ તત્વોનું જ્ઞાન એતો જન્મોજન્મનો તાપ
હરનારું છે હો હો રે..
પૃષ્ટી માર્ગમાં વિવેક, ધૈર્ય ને આશ્રયનો ભાવ આવે.
તેના આશ્રયથી જીવન સફળ થાય છે હો હો રે..
પૃષ્ટીની શ્રુષ્ટીને માનવ જીવનમાં ઉતારજો,
જીવનમાં ઉતારજોને આત્માનું કલ્યાણ કરજો હો હો રે.
પૃષ્ટી મારગમાં યમુનાષ્ટકનું પાન કરજો,
પાન કરજો ને તમે ગુણલા ઓ ગાજો હો હો રે.
અંતે તો આપણો ગોલોકમાં વાસ થશે.
પૃષ્ટી માર્ગતો વૈષ્ણવોએ ભક્તિનો મારગ છે.
જે વૈષ્ણવોએ અપનાવ્યો તેનું જીવન સફળ થઈ ગયું
હો હો રે.
'ગીતા'નું જીવન પૃષ્ટિ માર્ગની સેવામાં જાશે'
સેવામાં જાશે ને ભક્તિમાં જાશે,
વ્રજમાં વાસ મારો થાશે રે હો હો રે
હો હો રે (૨) આતો પૃષ્ટિનો માર્ગ છે. ૩ વાર બોલવું.

# પ્રકીર્ણ વિભાગ

## તેજસ્વી તારલા

- **પુણ્ય હાર્દિક મહેતા** (નટવરલાલ ચંદુલાલ પડાલવાળા) ઉંમર વર્ષ ૧૧, સંસ્કૃત-ભારતી મુંબઈ તરફથી આયોજીત તા. ૨૪-૧૨-૧૬ના શ્રીમદ ભાગવતગીતા ષોડષોધ્યાય પઠન સ્પર્ધામાં સર્વ પ્રથમ આવ્યો છે.
- **રુચી હિતેષ પરીખ** (જુનાગઢવાળા) ડીસેમ્બરમાં લેવાયેલ CFAની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે.

**બન્નેને સંસ્થા વતી હાર્દિક અભિનંદન**

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| ઈન્દુમતી સોમાલાલ શેઠ | ૮૨ |
| મધુબેન કંચનલાલ મોદી | - |
| ભારતી ભરતકુમાર શાહ | ૬૯ |
| રાજેન મહેન્દ્રભાઈ ધારીઆ | ૬૫ |
| ભૂપેન્દ્રભાઈ ઓચ્છવલાલ કડકીઆ | ૭૬ |
| સુભદ્રાબેન મણીકાંત કડકીઆ (મરઘા) | ૮૨ |
| અપૂર્વ પ્રવિણચંદ્ર ગાંધી (પાકા) | ૫૦ |
| શાંતાબેન રસિકલાલ પરીખ (વલસાડવાળા) | ૮૫ |
| સૌમિલકુમાર (ડબલ) નવીનચંદ્ર મોદી (ઠાસરાવાળા) | ૫૩ |
| સુભદ્રાબેન રસિકલાલ દેસાઈ | ૮૧ |
| જીતેન્દ્ર મોહનલાલ દેસાઈ | ૮૩ |
| પ્રદીપ કાંતિલાલ દેસાઈ | - |
| હીરામણીબેન રજનીકાંત કડકીઆ (વાગોડીયા - વડોદરા) | ૮૦ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**